મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુત્તમ : ૧૨.૨ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૩૩ ટકા

ગાંધીનગર તાપમાન

# હાશ...!!! અંતે પ્લાસ્ટ ઈન્ડિયાનું સમાપન !!

**અંતિમ દિવસે બપોરે ૩ કલાકે સમાપન કરી એન્ટ્રી બંધ કરી દેવાતા મુલાકાતીઓ અને બાઉન્સર્સ વચ્ચે તું તું મૈં મૈં ના દશ્યો : પાંચ દિવસથી ટ્રાફિકની સમસ્યાથી પરેશાન નગરજનોને રાહત**

ગાંધીનગર, તા.૧૨

'હાશ...!! અંતે પ્લાસ્ટ ઈન્ડિયાનું સમાપન થયું, હવે ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે.' આ પ્રકારની લાગણી આજે ગાંધીનગરના મોટાભાગના વાહનચાલકોની જોવા મળી હતી. કેમ કે આજે છેલ્લા પાંચ દિવસથી શહેરને પાર્કિંગનગરમાં ફેરવી નાંખતા પ્લાસ્ટ ઈન્ડિયા એકિઝબીશનને પગલે ટ્રાફિક જામના દશ્યો જોવા મળ્યા હતા. જો કે પ્લાસ્ટ ઈન્ડિયા એક્સ્પોને છેલ્લા બે દિવસ દરમિયાન ધાર્યો પ્રતિસાદ ના સાંપડતા સોમવારે ટ્રાફિકની સમસ્યા વધુ સર્જાઈ નહોતી. પ્લાસ્ટ ઈન્ડિયા એકિઝબીશનના છેલ્લા દિવસે બપોરે ૩ વાગ્યાથી એન્ટ્રી બંધ કરી દેવાતા મુલાકાતીઓ તથા પ્રદર્શનના પ્રવેશદ્વારે તૈનાત કર્મચારીઓ-બાઉન્સર્સ સાથે તું તું મૈં મૈં ના દશ્યો સર્જાયા હતા.

અત્યાર સુધીનું વિશ્વનું ત્રીજા ક્રમનું અને ભારતનું સૌથી મોટું ગણાતું પ્લાસ્ટ ઈન્ડિયા પ્રદર્શન ગાંધીનગરાઓ માટે એકંદરે પરેશાની પેદા કરનારું બની રહ્યું હતું. આ પ્રદર્શનમાં પ્રારંભથી જ વાહન પાર્કિંગ બાબતે સર્જાયેલી અવ્યવસ્થાને પગલે શહેરીજનોને ખાસ કરીને સેકટર-૧૭માં નજીકના વિસ્તારના રહીશોને તથા શહેરના નિયમિત વાહનચાલકોને તકલીફ ભોગવવી પડી હતી. વળી, આ પ્રદર્શનમાં પ્રવેશ ફી ઉંચી હોવા સાથે સામાન્ય નાગરિક માટે કોઈ ઉપયોગી બાબત નહોતી અને માત્ર પ્લાસ્ટિક ઉદ્યોગના વ્યવસાયિકોને લગતું જ પ્રદર્શન હોવાથી સરેરાશ નગરજનોને તેમાં રસ પડયો નહોતો. પ્રદર્શનના કારણે વારંવાર ટ્રાફિક જામ અને આડેધડ પાર્કિંગ જવી સમસ્યાઓ સર્જાવાથી શહેરમાં આ વિશાળ એકિઝબીશન ગ્રાઉન્ડના નિર્માણમાં પાર્કિંગ વ્યવસ્થાની કરાયેલી ઉપેક્ષા બાબતે રોષની લાગણી પણ ફેલાવા પામી છે. સત્વરે તંત્ર દ્વારા એકિઝબીશન સેન્ટર નજીક પૂરતી પાર્કિંગ વ્યવસ્થા કરાય જેથી ભવિષ્યમાં આ પ્રકારના અન્ય યોજાનાર પ્રદર્શનો સમયે ફરીથી નાગરિકોને આ પ્રકારની પરેશાનીનો ભોગ બનવું ના પડે તેવી માંગ ઉઠવા પામી છે.

પ્લાસ્ટ ઈન્ડિયાના અંતિમ દિવસે બપોરે ત્રણ વાગે એન્ટ્રી બંધ કરી દેવાઈ હોવાથી મોડા આવેલા મુલાકાતીઓ અથવા અડધું પ્રદર્શન જોઈ થોડી વાર બહાર રીફ્રેશમેન્ટ માટે ગયેલા મુલાકાતીઓ ગેટ પર આવતા તેમને અટકાવાતા બાઉન્સર્સ તથા મુલાકાતીઓ વચ્ચે ચડભડ થવા પામી હતી. આ પ્રદર્શનના કેટલાક ડૉમ ગેટની બહાર લાયબ્રેરીના પાર્કિંગ લોટમાં બનાવાયા હતા. આ ડૉમની મુલાકાતે ગયેલા મુલાકાતીઓ જેમના વાહન સે-૧૭માં પાર્ક કરેલા હતા તેઓને ફરી એન્ટ્રી ના મળતા બોલાચાલી અને તું તું મૈં મૈંના દશ્યો સર્જાયા હતા. પ્રદર્શનકારીએ પણ તેમના સ્ટોલ્સને અંતિમ દિવસે ઝડપથી આટોપી લેવાનું હાથ ધરતા મોડા પડેલા મુલાકાતીઓને નિરાશા મળવા પામી હતી. બપોરે ત્રણ કલાકથી સમાપન પ્રક્રિયા ચાલુ થઈ જતા વાહન ટ્રાફિકની સમસ્યા વહેંચાઈ ગઈ હતી જેથી અંતિમ દિવસે સરકારી કાર્યાલયો છુટવાના સમયે રાહત રહી હતી.

# વાર્ષિક રમતોત્સવમાં બાળકો ખિલી ઉઠયાં...!





**સે-૧૬ સરકારી પ્રાથમિક શાળાનો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૧૬ ખાતે સરકારી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્ષિક રમતોત્સવમાં ધોરણ-૧ થી ૮ના વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાનું રમતગમત કૌશલ્ય પ્રદર્શિત કર્યું હતું.

સેકટર-૧૬ની સરકારી પ્રાથમિક શાળાના બાળકો માટે વાર્ષિક રમતોત્સવનું આયોજન તા. ૧૦મી ફેબ્રુઆરી શનિવારે શાળા સંકુલમાં યોજવામાં આવ્યો હતો. ગાંધીગરના યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણાએ વ્હિસલ કમાન્ડ આપી રમતોત્સવમો પ્રારંભ કરાવ્યો હતો. બાળકો માટે લીંબુ ચમચી, ત્રિપગી દોડ, સંગીત ખુરશી, પુસ્તક બેલેન્સ, ૫૦ મીટર દોડ, મટકા ફોડ, કોથળા દોડ જેવી રમતો યોજવામાં આવી હતી. શાળાના આચાર્ય અરૂણ પટેલ ઉપરાંત કર્મચારીગણ દીનાબેન, નયનાબેન, સ્મિતાબેન, ગીતાબેન, ફાલ્ગુનીબેન અને મંજુલાબેને આ રમતોત્સવના આયોજન માટે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. રમતોત્સવમાં વિજેતા બાળકોને શાળામાં આગામી સમયમાં યોજાનાર વાર્ષિકોત્સવમાં ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

# બે ટ્રક ડ્રાયવરને લુંટી જનાર ધાડપાડુ ગેંગનો સાગરીત પકડાયો

**ડફેર ગેંગે વૈષ્ણોદેવીથી ઝુંડાલ વચ્ચે ચાર દિવસ પહેલા પરોઢીયે ડ્રાઈવરને બાંધીને ઢોર માર મારી લુંટી લીધા હતા : ડફેર ગેંગનો સાગરીત દેશી બનાવટની બે બંદુક સાથે એલસીબીના હાથે ઝડપાયો**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર નજીક વૈષ્ણોદેવી સર્કલથી ઝુંડાલ હાઈવે વચ્ચે ચાર દિવસ અગાઉ પરોઢીયે બે ટ્રકોને ઉભી રાખીને ધાડપાડુ ટોળકીએ ડ્રાઈવરોને ઉતારી બાંધીને ઢોર માર મારી લુંટી લેવાયા હતા. આ ધાડ પાડનાર ડફેર ગેંગ હોવાનું બહાર આવ્યું છે. ગાંધીનગર એલસીબીની ટીમે અડાલજ પાસે કેનાલ પાસેથી બે બંદુક સાથે એક ડફરને પકડી પાડયો છે. આ શખ્સની પુછપરછમાં બહાર આવ્યું છે કે આ ડફેરે તેના સાગરીતો સાથે મળીને ડ્રાઈવરોને લુંટી લીધા હતા. અડાલજ નજીક ઝુંડાલ-વૈષ્ણોદેવી હાઈવે પર ચાર દિવસ પહેલા થયેલા બે ધાડના ગુનાનો ભેદ ઉકેલાયો છે. એલસીબીની ટીમે ડફેરની ધરપકડ કરી ઉંડી પુછપરછ માટે તથા અન્ય સુત્રધારોને પકડવા ૧૦ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજુ કરવા તજવીજ કરી છે.





ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત અને તરલ ભટ્ટની ટીમો અડાલજ પોલિસ સ્ટેશનની હદમાં ચાર દિવસ પહેલા ટ્રક ડ્રાઈવરોને રોકીને કરવામાં આવેલી બે ધાડ અંગે તપાસમાં લાગી હતી. દરમિયાન પીએસઆઈ એમ.જે. શિંદે તેમની ટીમ સાથે અડાલજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે હે.કો. મનુજી અને કોન્સ્ટેબલ દિગ્વિજયસિંહને બાતમી મળી હતી કે કેનાલ પાસેથી એક શખ્સ બે બંદૂક કપડામાં લપેટીને જઈ રહ્યો છે જે આધારે કેનાલ પાસેથી મુળ કચ્છના અને હાલ કલોલ તાલુકાના જાસપુર ખાતે રહેતા ડફેર ગની ઉર્ફે બુચીયો દાઉદ કરીમ ખારી ઉર્ફે સીંધીને પકડી પાડયો હતો. તેની પાસેથી મળી આવેલી દેશી બનાવટની બે બંદુક જપ્ત કરી અડાલજ પોલિસ સ્ટેશનમાં તેની સામે આર્મ્સ એકટનો ગુનો દાખલ કરીને ઉંડી પુછપરછ શરુ કરી હતી. ઈન્ટ્રોગેશન દરમિયાન તેણે કબુલાત કરી છે કે ૯ ફેબ્રુઆરીએ પરોઢીયે તેના સાગરીતો સાથે મળીને આ ગેંગે બે ડ્રાઈવરોને ઉભા રખાવી ટ્રકમાંથી ઉતારીને ઝાડીઓમાં લઈ જઈ ઢોર માર મારીને રૂ. ૪૮ હજાર લુટી લીધા હતા. ઝુંડાલ-વૈષ્ણોદેવી હાઈવે પર બનાવ બન્યો હતો. એલસીબીએ ગની ઉર્ફે બુચીયો સીંધીની ધરપકડ કરી તેની ગેંગને પકડી પાડવા ઝીણવટભરી પુછપરછ હાથ ધરી છે.

## સે-૭ ખાતે વિનામુલ્યે યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૭ સી શિવશકિત મંદિરના મેદાન ખાતે પતંજલિ યોગ સમિતિ, માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા યોગાચાર્ય કાનજીભાઈ બાવરીના અધ્યક્ષ સ્થાને આગામી તા.૧૭, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના રોજ સવારે ૫.૩૦ થી ૭ કલાક દરમિયાન યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.આ મહાયોગ શિબિરમાં દરેક પ્રકારના રોગના ઉપચાર યોગ, આર્યુવેદ, કુદરતી ઉપચાર તથા એકયુપ્રેશર અંગે પણ માર્ગદર્શન આપવામાં આવશે. યોગાર્થીઓએ પાથરવા માટે શેતરંજી લાવવી જરુરી છે. આ યોગ શિબિરનો લાભ લેવા શહેરની સ્વાસ્થય પ્રેમી જનતાને પતંજલી યોગ સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.

## ગુજરાત દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય સમાજનો સમૂહલગ્ન મહોત્સવ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત દંઢાવ્ય વિભાગ જનક્ષત્રિય મોચી સમાજના સમૂહલગ્ન અને સેવા ટ્રસ્ટ અમદાવાદ દ્વારા ૧૮મી ફેબ્રુઆરીને રવિવારે ગાંધીનગરની સેકટર-૨૮ની લગ્નવાડી ખાતે સમૂહલગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પોપટલાલ પરમાર આયોજિત સમૂહ લગ્નોત્સવમાં ૬ યુગલો પ્રભુતામાં પગલાં માંડશે. આ પ્રસંગે યુગલોને આશીર્વાદ આપવા ૭ થી ૮ હજાર જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

# દેશી દારૂનાં અડ્ડાઓ પર એલસીબીનાં દરોડા

**ઈસનપુર મોટા, પુન્દ્રાસણ અને ક-૭ પાસે છાપરામાં એલસીબીએ દરોડા પાડી ૮૩ લીટર દારૂ જપ્ત કર્યો**




ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર એલસીબીની અલગ અલગ ટીમોએ દેશી-વિદશી દારૂનું વેચાણ અટકાવવા વિવિધ અડ્ડાઓ પર દરોડા પાડવાનું શરુ કરી દીધું છે. આજે ગાંધીનગર શહેરના ક-૭ સર્કલ નજીક છાપરા ઉપરાંત ઈસનપુર મોટા અને પુન્દ્રાસણ ગામ મળીને ત્રણ સ્થળોએ દરોડા પાડી ૮૩ લીટર દારૂનો જથ્થો જપ્ત કરી લીધો છે. તે ઉપરાંત સાંતેજના એક વોન્ટેડ બુટલેગરને પકડી તેની સામે કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીત તથા ટી.આર. ભટ્ટની સુચનાથી તેમની ટીમો જિલ્લામાં દારૂ જુગારની બદીને દુર કરવા સક્રીય છે ત્યારે આજે એલસીબીની ટીમોએ ઈસનપુર મોટા ખાતે મંગા કાળાજી ઠાકોરના અડ્ડે ખેતરમાં દરોડો પાડી ૮ લીટર દેશી દારૂ પકડી પાડયો હતો. તે ઉપરાંત પુન્દ્રાસણ ગામની સીમમાં દિપક ઉર્ફે કાળાજી રામાજી ઠાકોરના અડ્ડે દરોડો પાડી ૭૦ લીટર દેશી દારૂનો જથ્થો પકડી પાડયો હતો. બંને ગામોમાંથી દેશી દારૂ પકડયા બાદ શહેરના ક-૭ સર્કલ નજીક કાચા છાપરામાં સવિતા રણજીત ઠાકોરને ત્યાં દરોડો પાડી પાંચ લીટર દેશી દારૂ ઝડપી લીધો હતો. ત્રણેય દરોડા પાડીને ૮૩ લીટર દેશી દારૂ જપ્ત કરી એલસીબીએ કડક કાર્યવાહી હાથ ધરી છે. તે ઉપરાંત સાંતેજમાં રાણા જવાન ઠાકોરને ત્યાં ત્રણ દિવસ પહેલા પોલિસે રેઈડ કરી ૩૫ લીટર દારૂ પકડયો હતો. આ રેઈડમાં ફરાર થઈ ગયેલા બુટલેગર રાણા ઠાકોરને પકડી પાડી સાંતેજ પોલિસને સોંપી દીધો છે.

# ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સભા ૨૫મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની વાર્ષિક સામાન્ય સભા ૨૫મી ફેબ્રુઆરીને રવિવારે સાંજે ૩.૩૦ કલાકે સેકટર-૬ની સરકારી પ્રાથમિક શાળા સંકુલમાં યોજવામાં આવશે.

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ એન. પ્રજાપતિના અધ્યક્ષસ્થાને યોજાનારી સામાન્યસભાના કાર્યવાહીન એજન્ડામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ના સંસ્થાના ઓડીટેડ વાર્ષિક હિસાબોની બહાલી તથા નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના હિસાબો ઓડીટ કરવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નિમણુંક અને હિસાબો ચકાસવા માટે આંતરિક ઓડીટરની નિમણુંક કરવા બાબતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સામાન્ય સભામાં સંસ્થાના સ્થાપક ટ્રસ્ટીઓના અવસાન અને રાજીનામાના કારણે તેઓના નામ કરમી કરવા તથા તેઓની જગ્યાએ અન્ય ટ્રસ્ટીઓની નિમણુંક કરવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સંસ્થાની કાર્યવાહક સમિતિની બેઠકમાં થયેલ કામગીરી અંગેની વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૩ના સમયગાળાની મિનિટસ બુક સંસ્થાના દફતરે ઉપલબ્ધ ન હોવાથી તેના વિશે પણ નિર્ણય લેવામાં આવશે. ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા સંસ્થા પરિવારના સક્રિય ટ્રસ્ટીઓ અને તમામ આજીવન સભ્યોને હાજર રહેવા જણાવાયું છે.

# વિશ્વ વિખ્યાત સાયન્સ જર્નાલિસ્ટ સ્યુ નેલ્સનનું ગાંધીનગરના વિદ્યાર્થીઓને સંબોધન

**મેં મારા રસના વિષયને પારખીને સાયન્સ જર્નાલિઝમ પર કાર્ય કર્યું છે : સ્યુ નેલ્સન**

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૨૩ ખાતે કડી કેમ્પસના નાથીબા હોલમાં આજે સ્વ. માણેકલાલ પટેલ સ્મૃતિ વ્યાખ્યાનમાળા અંતર્ગત આયોજિત કાર્યક્રમમાં બીબીસીના સાયન્સ જર્નાલિસ્ટ સ્યુ નેલ્સનનું વકતવ્ય યોજાયું હતું. આ પ્રસંગે બ્રિટીશ કાઉન્સિલના કમિશનર જીઓફ વેઈન, ગુજકોસ્ટના ડાયરેકટર ડૉ. નરોત્તમ સાહુ, યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. એસ.કે. મંત્રાલા, સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેયુર શાહ, ડૉ. અજય ગોર, બીબીએ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. રમાકાન્ત પૃષ્ટિ, એમબીએના ડાયરેકટર ડૉ. ભાવિન પંડયા સહિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'ગોઈંગ બેક ટુ ધ મુન- અ જર્નાલિસ્ટ પર્સેપકિટવ' વિષયે આયોજિત આ વકતવ્યમાં સ્યુ નેલ્સને વિદ્યાર્થીઓને તેમની બ્રોડકાસ્ટિંગ કારકિર્દીના અનુભવો, કલોનિંગ, પ્રજાતિઓની લુપ્તતા જીએમ પાકો, ગ્રહણ અને વિસ્ફોટથી રોકેટ સુધીની અનેક બાબતોને આવરી લીધી હતી. સ્યુ નેલ્સને કહ્યું હતું કે, 'સાયન્સ જેમ જર્નાલિઝમમાં પણ વિવિધ આયામો રહેલા છે, હું સાયન્સની વિદ્યાર્થીની હતી અને મેં મારા રસના વિષયને પારખીને સ્પેસ જર્નાલિઝમ પર કામ કરું છું, એક જર્નાલિસ્ટ તરીકે સ્ટોરી એન્ગલ માટે બીઝનેસ, વાતાવરણ, નીતિ, સાયન્સ એન્ડ ટેકનોલોજી, ટ્રાવેલ, શારિરીક ક્ષમતા, સંપર્ક સુત્રો, એન્ગલ રાઈટીંગ અને છેલ્લે હ્યુમન ઈન્ટરેશનને ધ્યાનમાં લેવું જોઈએ.' અત્રે ઉલ્લેખનીય છે કે સ્યુ નેલ્સને બીબીસી રેડિયો માટે એ હોમ સ્પેસ, સેવ ધ ચંદ્ર, ધ મેચ, બ્રિટીશ એન્ટાર્કટિક સર્વે વગેરે પ્રોગ્રામ્સ સાથે યુરોપિયન સ્પેસ એજન્સી જેવી સંસ્થાઓ માટે કાર્ય કર્યું છે. તેઓએ 'ધ બાયોલોજીસ્ટ' પુસ્તકનું સંપાદન કરવા સાથે સાયન્સ આધારિત નાટક, ટૂંકી ફિલ્મો વગેરે અને 'કલોન-ધ પરફેકટ સોનેડ' પુસ્તક લખ્યું છે. સ્યુ નેલ્સનને સ્પેસ બોફિન્સ પોડકાસ્ટ એવોર્ડથી સન્માનિત કરાયા છે.




## આજે સમદર્શન આશ્રમ ખાતે શિવરાત્રિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગરના સેકટર-૧માં સમદર્શન આશ્રમ ખાતે આવેલા કૃપાનિધિ મહાદેવમાં આજે શિવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શિવરાત્રિ મહોત્સવ નિમિત્તે કૃપાનિધિ મહાદેવ મંદિરમાં સવારે ૬ વાગે શિવજીની પૂજા-આરતી કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૬ વાગ્યાથી સાંજે ૫ વગયા સુધી પંચાક્ષર મંત્ર-જપ તથા અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સાંજે ૫ વાગ્યાથી ગુરુમા સમાનંદ દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે ષોડશોઉપચાર અભિષેક, પૂજા અને આરતી કરવામાં આવશે. શિવભકતોને રાત્રે ૯ કલાકે પ્રસાદ આપવામાં આવશે. જેનો ભાવિક ભકતો લાભ લઈ શકશે.

## આજે બ્રહ્માકુમારી ઉર્જાનગર-૧ દ્વારા યોગાભ્યાસ સાથે મહાશિવરાત્રી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય ઉર્જાનગર-૧ સેવા કેન્દ્ર દ્વારા મહાશવરાત્રી નિમિત્તે સવારે ૧૦ કલાકે ૮૨મી ત્રિમૂર્તિ શિવજયંતિ પ્રસંગે વિશેષ રીતે ઉજવણી કરવામાં આવશે. શિવજયંતિ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, રાજયોગિની બ્રહ્માકુમારી રંજનદીદી તથા અન્ય મહેમાનોની ઉસ્થિતિમાં વિશેષ યોગાભ્યાસ તથા વિશેષ ભોગનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વિશેષ આધ્યાત્મિક કલાસનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મહાશિવરાત્રી નિમિત્તે નગરના શિવભકતોના દર્શનાર્થે રૂદ્રાક્ષના શિવલિંગની ઝાંખીનુ ઉદઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે શિવજીના ધ્વજનું રોહણ ઉપસ્થિત મહેમાનો તેમજ સંસ્થાના ૩૦૦ જેટલા બ્રહ્મકુમાર અને બ્રહ્માકુમારીઓની હાજરમાં સંપન્ન થશે. ધ્વજારોહણ બાદ શિવબાબાના ઝંડાની સાક્ષીએ વિશ્વશાંતિ, વૈશ્વિક ભાઈચારા અને આદ્યાત્મિક ઉન્નતિ માટે વિશેષ પ્રતિજ્ઞા લેવામાં આવશે. જેમાં મોટી સંખ્યામાં શિવભકતો ઉપસ્થિત રહેશે.

## વાતવાતમાં

● વધુ એકવાર ગાંધીનગર-સરખેજ રૂટની શહેરી બસ સેવાની બસ સવારના ઓફિસ અવર્સ દરમિયાન ખોટકાઈ હતી. વારંવાર એસટી બસો ખોટકાવાના બનાવોને પગલે દરરોજ અપડાઉન કરતા નોકરિયાતો, વિદ્યાર્થીઓ થતા અન્ય વ્યવસાયિકો ત્રાહિમામ પોકારી જવા પામ્યા છે.

● પ્લાસ્ટ ઈન્ડિયાના સમાપન સાથે જ સેકટર-૧૭ના રહીશોને મોબાઈલ નેટવર્કની પડી રહેલ મુશ્કેલીઓમાંથી છુટકારો મળશે. પ્લાસ્ટ ઈન્ડિયામાં મુલાકાતીઓ અને પ્રદર્શનકારીઓના મોટા જમાવડાને પગલે આ વિસ્તારના મોબાઈલ ટાવરો પર જઈ નેટવર્ક શેરિંગ કેપેસિટી ફુલ થઈ જતી હોવાથી આ પ્રકારની સમસ્યાનો રહીશોને સામનો કરવો પડતો હતો.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી કિશોરકુમાર અંબાલાલ, ઉ.વ. ૪૬
- સ્વ. ઠાકોર દિવાબેન હમીરજી, ઉ.વ. ૬૦
- સ્વ. સુથાર માધાભાઈ નથ્થુરામ, ઉ.વ. ૭૭
- સ્વ. ઠાકોર સંતોકબેન આતાજી, ઉ.વ. ૭૦
- સ્વ. દંતાણી બાબુભાઈ ફકીરભાઈ, ઉ.વ. ૫૫